# અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલયને ખાલી કરવા પાટીદારોનું આખરીનામુ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ૧૧ ગામ કડવા પાટીદાર સમાજની મોડાસા સ્થિત સમાજવાડી ખાતે ચાલતા જિલ્લાભાજપ કાર્યાલયને તુરંત ખાલી કરવા પાટીદાર આગેવાનોએ તાકિદ કરી દીધી છે. આથી જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.



મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં પાટીદાર અનામત આંદોલનના પગલે રાજકીય પક્ષો સામે પાટીદારોએ બાંયો ચઢાવી છે.

મોડાસામાં છેલ્લા ઘણા સમયથી ૧૧ ગામ પાટીદાર સમાજની માલિકીની સમાજવાડી ખાતે અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલય કાર્યરત છે. પરંતુ આજે પાટીદાર સમાજના મોડાસાના ૧૧ ગામોના અગ્રણીઓએ અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલયને તાકિદે ૧૦ દિવસમાં ખાલી કરવા જણાવતા ભાજપના કાર્યકર્તાઓમાં સોંપો પડી ગયો હતો અને આગામી ૧૦ દિવસમાં આ કાર્યાલય ખાલી નહી કરવામાં આવે તો પાટીદાર સમાજ દ્વારા તાળાબંધી કરી દેવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

# પાલનપુરમાં વાઈરલ રોગચાળાથી ઘેર-ઘેર બિમારીના ખાટલા

## પાલનપુરમાં સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાયા







પાલનપુર, તા.૧૫

છેલ્લા ૨૫ દિવસ થી વાઈરસ જન્ય રોગો માં નોધપાત્ર વધારો થઈ રહયો છે હાલમાં અસહ્ય પડતી ગરમીના લીધે સરકારી અને ખાનગી હોસ્પિટલ દર્દીથી ઉભરાઈ ગઈ છે જીલ્લા મથક પાલનપુરમાં સિવિલ હોસ્પિટલ ના રોજની ૨૫૦ થી વધારે સિવિલ હોસ્પિટલમાં ઓ. પી. ડી. નોધાય છે ત્યારે ખાસ કરીને વાઈરસ જન્ય તેમજ મચ્છર જન્ય બીમારીનું રોગથી પીડાતા દર્દીઓ ની સંખ્યા વધુ જોવા મળી છે હાલમાં ચોમાસું ઋતુ હોવાથી તાવ, ખાંસી, શરદી તેમજ મેલરિયાના રોગ મોટી વય લોકોમાં વધુ જોવા મળ્યા છે સિવિલ ના સ્થાનિક તબીબ રેખાબેન પારેખે જણાવ્યું હતું કે ચોમાસું ઋતુમાં બપોરે ગરમી લીધે લોકો એ ખાવા-પીવાની ચીજ વસ્તુ અંગે સાવચેતી દાખવવી જરૂરી છે

તો બીજી તરફ વધુ પડતી ગરમી ના લીધે બાળકો પણ વાઈરસ જન્ય રોગો ના ભોગ બની રહયા છે હાલ પાલનપુર ની સિવિલ હોસ્પિટલ માં પણ બાળકો વોર્ડ પણ દર્દીઓ થી ઉભરાઈ ગયો છે જેમાં ખાસ કરીને પાણી અને ખોરાકમાથી થતા કમળા, લીવર પર સોજા તેમજ અને મેલરિયાનું રોગનું પ્રમાણ બાળકોમાં વધુ છે

# બનાસડેરીના મુદ્દે યોજાનાર રેલી મોકૂફ

## ગુજરાત સરકારના મંત્રી રમણલાલ વોરા અને બાબુભાઈ બોખીરીયા દ્વારા ખાતરી અપાઈ : કસ્ટોડીયન નહિ મુકાય, જિલ્લાના ખેડુતોમાં ખુશી

પાલનપુર, તા. ૧૫

બનાસ ડેરી ના નિયામક મંડળ ની ટર્મ પૂરી થવા છતાં જાહેરનામું બહાર ન પડતા ગતરોજ બનાસકાંઠા જીલ્લા ના સભાસદો ની પશુ હિત રક્ષક સમિતિ દ્વારા લાખો ની સંખ્યા માં રેલી કરી આવેદન પત્ર આપવાનું આયોજન કરાયું હતું જો કે બનાસડેરી ના ચેરમેન ના નિવેદન ને પગલે આ રેલી મોકૂફ રખાઈ છેમ બનાસ ડેરી એશિયા ખંડ માં નંબર ૧ નું સ્થાન ધરાવે છે તેમજ અન્ય જીલ્લા કરતા દૂધ ના ભાવ માં પણ વધારો જોવા મળે છે જો કે આગામી ૧૭ મી સપ્ટેમ્બરે નિયામક મંડળ ની ટર્મ પૂરી થાય છે. ત્યારે બનાસકાંઠા જીલ્લા માં બનાસડેરી ના નિયામક મંડળ ની સમય મર્યાદા પૂરી થવા આવી હોવા છતાં હજુ સુધી જાહેરનામું બહાર ન પડતા જીલ્લા જીલ્લા ના ખેડૂતો રોષે ભરાયા છે.જેના પગલે જીલ્લામાં વહીવટી તંત્ર પ્રત્યે રોષ નો માહોલ સર્જાયો છેમજો કે પશુ હિતરક્ષક સમિતિ દ્વારા જીલ્લા માં દરેક તાલુકા વાઈઝ મીટીંગ સભા બાદ આવતી કાલે જંગી રેલી બાદ સભા નું આયોજન કરાયું હતું પરંતુ બનાસડેરી ના નું આયોજન કરાયું હતું જો કે બનાસડેરી ના ચેરમેન દ્વારા ગુજરાત સરકારને આ અંગે રજૂઆત કરતા બાબુભાઈ બોખરીયા દ્વારા ઝલદી ચૂંટણી કરાવવાની ખાતરી અપાઈ હતી જેના પગલે આજે ગતરોજ



ચેરમેન દ્વારા આ મુદ્દે જીલ્લા ની શાંતિ ન જોખમાય તે હેતુ સર આ મુદ્દે યોજાનાર રેલી રદ્દ કરાઈ છેમ એક તરફ બનાસકાંઠા જીલ્લા વહીવટી તંત્ર પ્રત્યે બનાસડેરી નું ચૂંટણી જાહેર ન કરતા સ્થાનિક સભાસદો તેમજ ખેડૂતો દ્વારા રેલી જીલ્લા ની જીવાદોરી સમાન દેરી માં કસ્ટોડીયન ન મુકવાની સાથે ડેરી નું ચુતની જલ્દી કરાવવી બહેદારી અપાઈ હતી.ગુજરાત સરકાર ના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી રમણ લાલ વોરા તેમજ સહકાર વિભાગ મંત્રી યોજાનારી રેલી રદ્દ કરાઈ છેમ બનાસડેરી માં ચૂંટણી નું જાહેરનામું પ્રસિદ્ધ ન કરતા રાજકારણ ગરમાયું છે ત્યારે હવે જોવું એ રહે છે કે આ મુદ્દે આવનારા સમય માં બનાસડેરી નું ચુંટણી કેવા રંગ બતાવે છે.

## આજે 'ગેમી' દ્વારા ઓઝોન ડેની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૫

૧૬ સપ્ટમ્બરને વિશ્વભરમાં ઓઝોન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા ઓઝોન દિવસની ઉજવણી સભાગૃહ ટી.આર.ઓ. સંકુલ જૈન દેરાસર પાસે બોરીજ ગામ 'જ' રોડ ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે વન અને પર્યાવરણ વિભાગના (રાજયકક્ષા) બચુભાઈ ખાબડ તેમજ અતિથિ વિશેષ તરીકે પુનમચંદ પરમાર આઈ.એ.એસ. અગ્ર સચિવ વન પર્યાવરણ વિભાગ ઉપસ્થિત રહેશે.

## ત્રણ વર્ષથી વોન્ટેડ ચીટીંગનો આરોપી પકડાયો

ગાંધીનગર, તા.૧૫


ચિલોડા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૨માં છેતરપીંડી-વિશ્વાસઘાતનો ગુનો દાખલ થયો હતો. આ ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી સુરેશ ગોપાલ રાજપુત અમદાવાદ કાળુપુરના ન્યુ કલોથ માર્કેટ પાસે જોવા મળ્યો હોવાની બાતમી ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડને મળતા જમાદાર અશોકકુમાર તથા તેમની ટીમ કાળુપુર પહોંચી ગઈ હતી અને ત્રણ વર્ષથી વોન્ટેડ સુરેશ રાજપુતને ઝડપી લઈ ચિલોડા પોલીસને સોંપી દીધો છે.

# કલોલમાં માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

## ૩૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓએ ૫૫ કૃતિઓ પ્રસ્તુત કરી

કલોલ, તા. ૧૫

કલોલમાં ઉમિયા માતા કડવા પાટીદાર એજ્યુકેશન એન્ડ



સમાજસેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત અનન્ય વિદ્યાલય એન્ડ ટેકનોલોજી એકેડેમી ખાતે તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન સુંદરમ્ શાળા વિકાસ સંકુલમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનનું આયોજન જીસીઈઆરટી પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમભવન તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની તેમજ અનન્ય વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

પ્રદર્શનના ઉદ્દ્ઘાટન સમારોહમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ અધ્યક્ષપદે, જિલ્લા શિક્ષણ-તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. ટી.એસ. જોષી વતી દિનેશભાઈ ઉદ્દ્ઘાટક પદે ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનમાં કલોલની ૩૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમની સર્જનશીલતા, રચનાત્મકતા, સુષુપ્ત શક્તિ અને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ ધરાવતા બાળ વૈજ્ઞાનિકોની ૫૫ કૃતિઓ નિહાળી મહાનુભાવોએ તેમને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોએ તેમની કૃતિઓમાં સ્વાસ્થ્ય અને પોષણ, નૈસર્ગિક સ્રોતનું વ્યવસ્થાપન, ઉદ્યોગો, આપત્તિ વ્યવસ્થાપન, કૃષિ અને ખાદ્ય સુરક્ષા તેમજ ગણિત વગેરેના વિવિધ પ્રયોગો અને ઉપકરણો, કૃતિઓ રજૂ કરાઈ હતી. સોજાની એચ.એમ. હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ પવન પટેલ તથા ઋત્વિક પટેલે સૌરઉર્જા સંચાલિત ટ્રેનનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો.

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીની ચેરી-ગાંધીનગર અને અનન્ય વિદ્યાલય એન્ડ ટેકનોલોજી એકેડેમી, કલોલના સંયુક્ત ઉપક્રમે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના સુંદરમ શાળા વિકાસ સંકુલ, કલોલ



એસ.વી.એસ.ના વિજ્ઞાન ગણિત પ્રદર્શનનું આયોજન તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરના રોજ શ્રી ઉમિયા માતા કડવા પાટીદાર એજ્યુકેશન એન્ડ સમાજસેવા ટ્રસ્ટ, કલોલ સંચાલિત અનન્ય વિદ્યાલય એન્ડ ટેકનોલોજી એકેડેમી, કલોલ ખાતે કરવામાં આવેલ છે.

## સેક્ટર-૭માં યુનાઈટેડ ચેરિટેબલ દ્વારા ગણેશ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સે. ૭ના યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અરિહંત સ્ટોર્સની બાજુમાં સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં તા. ૧૭મી સપ્ટેમ્બરે બપોરે ૧ વાગે ભવ્ય શોભાયાત્રા બાદ ગણેશ સ્થાપના કરાશે અને સાંજે ૬ કલાકે ખીચડી પ્રસાદ ધરાવવામાં આવશે. તા. ૧૮મી સપ્ટેમ્બરે રાત્રે ૮.૩૦ કલાકે ભાવનાબેન પટેલના બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો, તા. ૧૯મી સપ્ટેમ્બરે રાત્રે ૮.૩૦ કલાકે ૧૦૮ દિવડાની ભવ્ય મહાઆરતી તથા ભજન સંધ્યા યોજાશે. તા. ૨૦મી સપ્ટેમ્બરે ૧૦૦૮ લાડુની આહુતિ સાથે ગણેશ યાગ સવારે ૯ વાગ્યાથી ૫.૩૦ વાગ્યા સુધી યોજાશે અને તા. ૨૧મી સપ્ટેમ્બર સોમવારે બપોરે ૨ વાગે વિસર્જન કરાશે. દરરોજ સવારે ૮ વાગે અને સાંજે ૮ વાગે આરતી કરાશે.

## સોનુ સસ્તામાં આપવાની લાલચ આપી ચીટીંગ કરનાર ઝડપાયો

ગાંધીનગર એલસીબી પી.એસ.આઈ. એન.એન. ચાવડા તથા તેમની ટીમ દહેગામ વિસ્તારમાં પેટોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે આજથી દશેક દિવસ પહેલા દહેગામ બસ સ્ટેન્ડ પાસેથી સોનુ સસ્તામાં આપવાની લાલચ આપી એક વ્યક્તિનો મોબાઈલ, બાઈક અને કપડા લઈ બે શખ્સો ભાગી ગયા હતા. તે પૈકી એક નહેરૂ ચોકડી ઉભો છે. મુકેશ કિશન મારવાડી (બાવરી અને મુકેશ મારવાડી (બાવરી) બે પૈકી નહેરૂ ચોકડી ઉભેલા મુકેશ કિશન મારવાડીને ચિટીંગમાં ગયેલા મુદ્દામાલ સાથે નહેરૂ ચોકડી પાસેથી પકડી પાડી પુછતાછ કરતા તેણે છેતરપીંડીની કબુલાત કરી લીધી છે. તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## લાલ પત્થરથી સજાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજાતા પલ્લી મેળામાં પણ લાખો ભાવિકો દર્શન માટે આવે છે. પાંડવાના કાળથી યોજાતી પલ્લીના દર્શન માટે ભકતોનુ ઘોડાપુર ઉમટે છે.રૂપાલ ગામમાં પણ અનોખો ઉત્સવ ઉજવાય છે. આખુ વર્ષ ગ્રામજનો આ રૂપાલ પલ્લી મેળાની રાહ જોવે છે. શકિતની ભકિત સાથે જોડાયેલા ગામની વિશ્વ સ્તરે આગવી ઓળખ ઉભી થઈ છે. વર્ષ દરમિયાન રૂપાલ વરદાયિની મંદિરમાં સતત ભાવિકોનો ઘસારો રહે છે. જયારે વરદાયિની માતા દેવ સ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિર માટે વિશેષ રૂપે રીનોવેશનનો પ્રોજેકટ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં મંદિરમાં માતાજીની મુર્તિ, શિવલીંગ અને પલ્લી યંત્ર યથાવત રાખી સમગ્ર મંદિર પરિસરને નવો લુક આપવામાં આવનાર છે. સંપુર્ણ મંદિરને લાલ પત્થરથી સજાવટ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. જેમાં રંગ મંડપ મોટો બનાવી ૩૬ બાય ૩૬ ની વિશાળ જગ્યામાં ભાવિકો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જયારે મંદિરમાં ગર્ભગૃહની જગ્યા પણ હાલ ૭ બાય ૭ ની છે. જેને વધારી ૧૮ બાય ૧૮ની કરવામાં આવશે. હાલ મંદિરની ઉંચાઈ ૧૦૧ ફુટની છે. જેને વધારી ધ્વજા સાથે ૧૧૬ ફુટની કરી દેવાશે. જયારે લંબાઈ ૧૨૫ જેટલી કરવામાં આવશે રીનોવેશન પ્રોજેકટ બાદ અત્યાર સુધી અલગથી રહેતુ પલ્લી યંત્ર પણ મંદિરની અંદર જ સચવાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. મંદિરના રીનોવેશન પાછળ અંદાજિત રૂ.૧૨ થી ૧૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે રીનોવેશનની કામગીરી પાછળ પણ ત્રણ વર્ષ જેટલો સમય લાગશે. પ્રસિધ્ધ રૂપાલ પલ્લી મેળાના અંતે મંદિરના રિનોવેશનનુ કામ શરૂ કરી દેવાશે. મંદિરનો રીનોવેશન પ્રોજકટ હાથ ધરવાનો નિર્ણય લેવાતા મંદિર વધુ ભવ્ય બનવાની સાથે ભાવિકોને પણ વધુ સુવિધા મળશે.

## પી.કે. ચૌધરી કોલેજ ખાતે 'કૌન બનેગા સ્વાસ્થ્ય રક્ષક' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં આવેલ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિક પી.કે. ચૌધરી આર્ટસ કોલેજ ખાતે 'કૌન બનેગા સ્વાસ્થ્ય રક્ષક' કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજની બહેનોને શારિરીક અને માનસિક તંદુરસ્તી કેળવવા અંગે માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કોલેજની બહેનો ઉપસ્થિત રહી હતી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત એન.એન.એસ. અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમ સાયન્સના સંયુકત ઉપક્રમે 'કૌન બનેગા સ્વાસ્થ્ય રક્ષક' કાર્યક્રમમાં નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના વર્ષાબેન દવે કોલેજની બહેનોને યોગ અને નૈસર્ગિક ઉપચારો દ્વારા શારિરીક અને માનસિક તંદુરસ્તી કેળવવા અંગે ઉપયોગી માહિતી પુરી પાડી હતી તેમજ શિવામ્બુના ઉપયોગથી થતાં ફાયદા જણાવ્યા હતાં.

આ પ્રસંગે એન.એન.એસ.ના પ્રા. ભરતસિંહ રાવે જણાવ્યું હતું કે આપણે રોગના ઈલાજ માટે એલોપેથિક દવાઓનો સહારો લઈએ છીએ પણ આપણી હાલત કસ્તુરી મૃગ જેવી છે. કસ્તુરી એની નાભિમાં જ હોવા છતાં અજ્ઞાનતાને કારણે એ એને બહાર શોધે છે. કાર્યક્રમમાં શિવાશ્રમ નેચર કેર ટેમ્પલ દંતાલીના ડૉ. જીતુભાઈ પંચાલ, વર્ષાબેન દવે સહિત મોટી સંખ્યામાં બહેનો હાજર રહી હતી. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ હાજર રહીને બહેનોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

### વિચારોના... (ચોથા પાનાનું ચાલુ...)

આજના અશુદ્ધ પર્યાવરણને શુદ્ધ કરવાનો આ રામબાણ ઈલાજ બની શકે છે. (કદાચ અમેરિકા આ બાબતને ગંભીરતાથી લેશે પછી ભારત એ દિશામાં વિચારશે!) ગોબરગેસ લાભકારક ઈંધણ છે. પણ તેમાં રાખ મળતી નથી. છાણાની રાખ ખૂબ ઉપયોગી હોય છે. ધાન્યને સાફ રાખવા છાણાની ગોટીઓ બનાવીને નાખવાથી અનાજ સડતું નથી. કાચના વાસણ રાખથી સારા સાફ થાય છે. આ જ રાખ ઔષધી પણ છે. ત્વચાને શુદ્ધ, રોગમુક્ત અને ઠંડીથી બચાવવા રાખ અતિ આવશ્યક છે. જમીનમાંથી કીડી જેવા જંતુઓ પર રાખ ભભરાવવાથી તે દરમાં પાછા જતા રહે છે. નાના બાળકોના મળની સફાઈ રાખથી કરવાથી તે જગ્યા પણ શુદ્ધ બની જાય છે.

છાણ અને માટીથી બનતા ઘરની છત વાંસ, ઘાસ અથવા લાકડાથી બને છે. જમીન પણ છાણ - માટીથી લીંપવામાં આવે છે. આવા ઘર પૂરી રીતે પ્રાકૃતિક ગણાય. પ્રાકૃતિક ઘર આપણને સારું સ્વાસ્થ્ય અને પર્યાવરણની ભેટ આપે છે. આજકાલ રોગો માનવી જીવનને બાનમાં લઈને બેઠા હોય એવું લાગ્યા વગર રહેતું નથી. એકબાજુ રોજ નવી દવાઓની શોધ થાય છે અને બીજીબાજુ નવા રોગોની વણજાર આવે છે. આવનારા સમયમાં ગાય આધારિત જીવન પદ્ધતિ અપનાવવાથી જ આપણી સમસ્યાઓ વિરમશે. જે ઘરના ઓરડાઓ છાણ માટીથી લીંપેલા હશે ત્યાં ગરમીના દિવસોમાં ઠંડક અને શરદીના દિવસોમાં ગરમીનો અનુભવ સુલભ બને છે.

અણુશસ્ત્રોનું પરીક્ષણ, હોસ્પિટલના એક્સરે મશીન, ટીર્વ-કૉમ્પ્યુટરનો દૈનિક વપરાશ આ બધુ આપણને વિઘાતક દુનિયાના મુસાફર બનાવી શકે છે. મૉબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો કોઈક રીતે તો આપણી ઈન્દ્રિયોને નકારાત્મક અસરો તળે પહોંચાડે છે. આ બધાની અસરોને ટાળવાની શક્તિ કેવળ ગોમયમાં છે. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ આ મુદ્દાઓને સમજી-વિચારીને સંશોધનની એરણ પર ચડાવતા વાર ન લગાડવી જોઈએ.

(સંદર્ભ - જરશા લિખિત 'ગોબર સોનેકી ખાન', પુનરુત્થાન ટ્રસ્ટ)

### પ્રમુખની ચૂંટણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને તેમની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી આ અંગેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાના આદેશો જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીએ જારી કરી દીધા છે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવા હોદ્દેદારોની પસંદગી માટે ભાજપ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જો કે અત્યંત ચૂપકીદીપૂર્વક સમગ્ર કાર્યવાહી ચાલી રહી હોવાનું ભાજપના સૂત્રોનું કહેવું છે.

### નવાં કલેવર (ચોથા પાનાનું ચાલુ...)

હું પણ એ જ પુછું છું. તારી ઉંમર માંડ બત્રીસ વરસની છે. ને પપ્પુ આઠ વર્ષનો છે. તારી મમતા સશક્ત અને બુદ્ધિગમ્ય તેમજ ધૈર્યયુક્ત છે. છતાં તું વ્યગ્ર થઈ સ્કૂલ સુધી દોડી આવી. જરાક મોડું થયું તેમાં તું દીકરાની ભૂખ અને સુરક્ષિતતાને લઈ બેચેન બની ગઈ તો વિચાર કર કે જો તારું માતૃત્વ પાંસઠ વર્ષનું હોત તો તારી બુદ્ધિ અને ધૈર્ય બા જેટલાં નબળાં થઈ જાય કે નહીં?

'ઓહ! શોભિત હવે હું સમજી.' શોભાની આંખોમાં આંસુ આવી ગયાં.

તે બધુ સમજી ગઈ. માં દીકરાનો સંબંધ શું હોય છે. દીકરો ગમે તેટલો મોટો થઈ જાય છતાં માં ને તેની ચિંતા જરાય ઓછી થતી નથી કે તેની ભાવના જરાય નબળી પડતી નથી.

શોભાને તેના પતિએ દર્શાવેલી માં પ્રત્યેની ભાવનાનો અહેસાસ થતાં તેનું માતૃત્વ ઉભરાઈ આવ્યું.

બસ, હું તને આટલું જ સમજાવવા માંગતો હતો. શોભિતે શોભાને બાહુપાશમાં લીધી. પતિપત્ની બંનેની આંખો ભીંજાયેલી હતી. પપ્પુ દોડીને દાદી માં પાસે જઈ રમતો હતો. ત્યાં માજીનો અવાજ ગુંજી ઉઠ્યો. 'અરે! વહુ જમવાનું પીરસો બહુ ભૂખ લાગી છે.'

- vanvihari@gmail.com

### Hello ફ્રેન્ડ્સ! (ચોથા પાનાનું ચાલુ...)

પેઢીનો મૂળભૂત ગુણોનો વિકાસ કેવી રીતે થશે? દરેક વિદ્યાર્થી ૯૦ ટકા ગુણ ન મેળવી શકે એ જેટલું સાચું છે, એમ એ પણ સાચું કે એનામાં કોઈક સારો ગુણ પડેલો જ છે... માત્ર એને થોડા પ્રોત્સાહનના પાવરની જરુર છે. એના એ ગુણને શિક્ષક કે વાલી ઓળખીને પ્રોત્સાહિત કરશે તો સમાજમાં વૈવિધ્યસભર નવયુવાનોનો નવો ફાલ નિશ્ચિત જ ઉતરશે!!

ચૂંટલો : છીપલામાં સમાયેલું મોતી, કોલસામાં છુપાયેલો હીરો, પથ્થરમાંથી તરાશાતી મૂર્તિ કે વ્યક્તિમાં છુપાયેલી શક્તિને ઓળખી કઢાય તો મોતી, હીરો, મૂર્તિ કે શ્રેષ્ઠ પ્રતિભા મળી આવે... જરુર છે વ્યક્તિમાં રહેલી પ્રતિભાને ઓળખી એને પ્રોત્સાહનનો પાવર આપવાની.


### જાહેર નિવિદા - ૨૦૧૫-૧૬ / ૪ /૧૪/૯/૨૦૧૫

**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ**

જિલ્લા પંચાયત, ગાંધીનગર

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ દ્વારા જિલ્લા પંચાયત, સેકટર-૧૭, ગાંધીનગર ખાતેના ત્રણેય માલ પરની મેઈન ઈલેક્ટ્રીક પેનલ રીનોવેશન, નવીન ડી.પી. તથા જરૂરી વાયરીંગ માટેના કામ અંગેના ભાવો અત્રેની કચેરીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી ઉક્ત સ્થળે કરવાના કામની વિગતો મેળવી દિન-૭માં તા. ૨૩/૯/૨૦૧૫ સુધી મોકલવાની રહેશે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

| અ. નં. ૧ | કામનો નંબર | કામની વિગત | (૧) અંદાજીત રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી રૂ. |
|---|---|---|---|
| ૧ | ૧ | જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતેના ત્રણેય માળ પરની મેઈન ઈલેક્ટ્રીક પેનલ રીનોવેશન, નવીન ડી.પી. તથા જરૂરી વાયરીંગ અંગેનું કામ | (૧) ૯૫,૭૦૦/- (૨) ૧૦૦૦/- (૩) ૬૦૦/- (૪) જે તે ઈલેક્ટ્રીક કામ કરનાર ઈજારદારશ્રીઓ |

સહી/-
નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર

માહિતી/૧૪૮૫/૧૫-૧૬